**ઔદ્યોગિક પાર્ક યોજના હેઠળ ઈન્ફ્રાસ્ટ્રકચર અને બિલ્ડીંગમાં મૂડી રોકાણ બાબત**

* ૪૮૯ **શ્રી મનુભાઈ પટેલ** (ઉધના) : **માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૨ની સ્થિતિએ ઔદ્યોગિક પાર્ક યોજના હેઠળ સહાયતા માટે ઈન્ફ્રાસ્ટ્રકચર અને બિલ્ડીંગમાં પાત્ર નિયત મૂડી રોકાણની ટકાવારી કેટલી છે, અને

(૨) આ યોજના હેઠળ વનબંધુ તાલુકામાં ઔદ્યોગિક પાર્ક માટે ઈન્ફ્રાસ્ટ્રકચર અને બિલ્ડીંગ સહાયમાં પાત્ર નિયત મૂડી રોકાણની ટકાવારી કેટલી છે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે તા.૦૧–૦૯–૨૦૨૦ના રોજ જાહેર કરેલ ઔદ્યોગિક પાર્કને નાણાકીય સહાય આપવા માટેની યોજના હેઠળ ન્યુ બિલ્ડીંગ, અધર કન્સ્ટ્રક્શન, અને ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી માટે માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫ ટકા, પરંતુ રૂા. ૩૦ કરોડની મર્યાદામાં સહાય આપવાનું ઠરાવેલ છે. આ ઉપરાંત હોસ્ટેલ / ડોરમેટરીના નવા બિલ્ડીંગના બાંધકામના માન્ય સ્થાયી મૂડીરોકાણના ૨૫ ટકા, પરંતુ રૂા. ૨૦ કરોડની મર્યાદામાં સહાય મળવાપાત્ર છે.

(૨) રાજ્ય સરકારે તા.૦૧–૦૯–૨૦૨૦ના રોજ જાહેર કરેલ ઔદ્યોગિક પાર્કને નાણાકીય સહાય આપવા માટેની યોજના હેઠળ ન્યુ બિલ્ડીંગ, અધર કન્સ્ટ્રક્શન, અને ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી માટે માન્ય સ્થાયી મૂડીરોકાણના ૫૦ ટકા, પરંતુ રૂા. ૩૦ કરોડની મર્યાદામાં સહાય આપવાનું ઠરાવેલ છે. આ ઉપરાંત હોસ્ટેલ / ડોરમેટરીના નવા બિલ્ડીંગના બાંધકામના થયેલ ખર્ચના ૨૫ ટકા પરંતુ રૂા. ૨૦ કરોડની મર્યાદામાં મળવાપાત્ર છે.
શરત – જો ભારત સરકારની પણ સહાય મેળવવામાં આવી હશે તો, પ્રોજેક્ટ કોસ્ટના ૬૦ ટકાથી (વનબંધુ તાલુકામાં ૮૦ ટકા) વધુ સહાય મળવાપાત્ર થશે નહીં.

---------